# મોડાસા પોલીસની નજર સામે મુસાફરોની સાથે ખુલ્લેઆમ પશુઓને પણ મુસાફરી કરાવતા જીપચાલકો : ખાનગી વાહનોનો રાફડો ફાટ્યો

મોડાસા, તા. ૨

ગુજરાત રાજ્ય સરકાર અને ગુજરાત પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમન અને જાળવણીના કાર્યક્રમો અરવલ્લી જિલ્લામાં સપ્તાહ સુધી ઉજવણી કરવામાં આવી હતી. પંરતુ અરવલ્લી જિલ્લામાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન સરેઆમ ખાનગી વાહનચાલકો બે ફામ બની પોલીસની નજર સામે કરતા હોવા છતાં પોલીસ દ્વારા કોઈ જ પગલા ન ભરતાં મોડાસા શહેરના માલપુર રોડ, મેઘરજ રોડ અને શામળાજી રોડ પર ખાનગી વાહનચાલકોનો ગેરકાયદેસર ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરી માનવીઓની સાથે સાથે પશુઓની પણ મુસાફરી કરાવતા નજરે પડી રહ્યા છે તો અરવલ્લી જિલ્લા પોલીસ વિભાગ દ્વારા ઉજવણી કરવામાં આવેલા ટ્રાફિક સપ્તાહનું શું ?

મોડાસા શહેરમાં ટ્રાફિકની સમસ્યા મોડાસાના નગરજનો અને દુકાનદારો માટે માથાના દુખાવા સમાન બની ગઈ છે. મોડાસા ચાર રસ્તાની બિલકુલ સામે મેઘરજ રોડ અને માલપુર રોડ પર ખાનગી જીપચાલકો અને રીક્ષા-રેકડાઓ દ્વારા મુસાફરો મેળવવા માટે આડેધડ પાર્કિંગ કરવાની સાથે રોડની વચ્ચો વચ્ચ ઉભો રહી મોડાસા શહેમાં ટ્રાફિકની સમસ્યા ઉભી કરી રહ્યા છે. ખાનગી જીપચાલકો પોતાની જીપમાં ૩૦ થી ૪૦ મુસાફરો ઠાંસી ઠાંસીને ભરતા હોવા છતાં પોલીસ દ્વારા કોઈ જ દંડનીય પગલા ન ભરાતા ખાનગી વાહન ચાલકો બેફામ બની જીપમાં મુસાફરોથી થતી કમાણી ઓછી પડતી હોય તેમ એક મહીન્દ્રા જીપ ચાલકે તો તમામ મર્યાદાઓ ઓળંગી માલપુર રોડ પર પહેલા ગાડીમાં મુસાફરો ભર્યા પછી જીપના છાપરે ચઢાવી દેવાઈ હતી. પરંતુ જીપગાડીએ વાહન હંકારતાની સાથે જ કઠેરા પર સાંકળથી બંધાયેલી બકરીએ ધમાચકડી મચાવી મુકી હતી. ત્યારે મોડાસાના એક જીવદયા મીત્રએ આ દ્રશ્ય જોતાની સાથે જ જીપચાલક જોડે જીભાજોડી કરી બકરીને કઠેરા પરથી ઉતારતાં શાંત થઈ ગઈ હતી. ત્યારે માલપુર રોડ પર એકઠા થયેલા ટોળાએ પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉદ્‌ભવ્યા હતા. અગાઉ કેટલીયવાર મોડાસાના જીપચાલકોએ રાજસ્થાન અંતરીયાળ વિસ્તારની જેમ મુસાફરોની સંખ્યા ૩૦ થી ૪૦ ભરીને અકસ્માત સર્જતા કેટલાય નિર્દોષ લોકોએ જીવ ગુમાવવો પડ્યો હતો. મોડાસા ચાર રસ્તા પોલીસચોકી પર તૈનાત પોલીસ જવાનો ઠઠ્ઠા-મશ્કરી કરતા હોય અને પોતાની ફરજ ભુલી ગયા હોય તેવા ટ્રાફિકના જામના દૃશ્યો માલપુર રોડ અને મેઘરજ રોડ પર ખડકાયેલા ખાનગી વાહનચાલકોથી ઉદ્‌ભવતા હોવા છતાં કોઈ જ નક્કર કાર્યવાહિ ન કરાતા 'હોતા હૈ ચલતા હૈ' જેવી હાલત મોડાસા શહેરની પેદા થઈ છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

# મોડાસામાં ખેડૂતે અળસિયાનો ઉછેર કરી સજીવ ખાતર બનાવ્યું

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લાના મોડાસામાં ખેતી વ્યવસાય સાથે સંકળાયેલ એક ખેડૂતે અળસિયાનો ઉછેર કરી સજીવ ખાતર બનાવવાનો એક નેજેક્ટ હાથ ધર્યો છે ખેતી માટે સોથી અસરકારક અને કુદરતી કહી સકાય તેવું આ ખાતર ખેત જમીનમાં ફળરૂપતા વધારવા ઉતમ પુરવાર થઈ રહ્યું છે.

મોડાસા નજીક આવેલા ડુગરવાળા નજીકના ખેતરમાં ખેડૂતે ખેતી માટે ફાયદા કારક અને સજીવ ખાતર તરીકે ઉતમ ખી સ્કાય તે રીતે વર્મી કમ્પોસ્ટ પદ્ધતિથી ખાતરનું ઉત્પાદન શરુ કર્યું છે. છાણ, બાગ-બગીચાનો કચરો શાકભાજીનો કચરો એકઠો કરીને તેના બેડ બનાવી ડ્રીપ પદ્ધતિથી ભેજ આપીને કંતાન ઢાંકી અળસિયાનું ઉત્પાદન શરુ કર્યું છે. આ અળસિયાના ઉછેર થી ૪૫ થી ૫૦ દિવસમાં ૧ ગ્રામ ખાતરમાં અબજો બેક્ટેરિયા હોવાથી ખેત જમીનને પોષક દ્રવ્યો પૂરતા -માણમાં મળી રહે છે.

તદન જેવીક હોવાથી પકવેલું અનાજ પણ આરોગ્ય પરદ કહી સકાય. મોડાસાના ખેડૂતે ખેત જમીનની ફળદ્રુપના વધારવા માટે જેવીક પદ્ધતિથી અળસિયાનું ખાતર બનાવી ખેત જમીનમાં નવા -ણ પુરવા આ ખાતર અસરકારક હોવાનું જણાવી રાસાયણિક ખાતરોની સરખામણીએ સસ્તું ખાતર જે જીવત ખાતર પણ છે તેનો ફાયદો લેવા ખેડૂતોને અનુરોધ કર્યો છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# પ્રાંતિજ પંથકમાં ચોર લુંટારૂઓની ટોળકી આવી મારઝુડ કરતી હોવાની વાતો માત્ર અફવા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ નજીકના અંતરિયાળ વિસ્તારોમાં બુકાની પહેરીને ચડ્ડી-બનીયનધારી ગેંગ રાત્રે જે વ્યક્તિ દેખાય તેની સાથે મારઝુડ કરી શરીરના અંગો કોપી નાંખતી હોવાની ગ્રામ્ય વિસ્તારોમાં ચાલેલી ભયંકર અફવાઓથી સમગ્ર પ્રાંતિજ પંથકમાં ભયની દહેશત ઉભી થતા ખેડૂતોના ખેતરોમાં કામ કરતા ભાગીયા, મજૂરો ફટાફટ પોતાના વતનમાં જતાં રહેતાં કિસાનોને આર્થિક નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. તો રોડ પર ક્યારેક નિર્દોષ વ્યક્તિને પણ લોકો ચોર સમજી પરેશાનીમાં મુકી દે છે.

પ્રાંતિજ પંથકના ઈન્દ્રાજપુર, પોયડા, મજરા, ઘડકણ, તાજપુર તેમજ સાબરડેરી તલોદ રોડ બાજુ બુકાનીધારી ચડ્ડી બનીયનધારી ગેંગ લોકોને રાત્રે ફટકારી વિવિધ અંગો કાપી નાખતા હોવાની અફવાઓના લીધે રાત્રીનો સમય જતાં જ લોકો લાકડી, ધોકા સહિતના સાધન લઈ ઉજાગરા કરતાં થઈ ગયા છે. તો ફાર્મ માલિકો અને ભાગીયા પણ વતનમાં જતાં રહેતાં કુદરતી આફતો સામે લડત કિસાનને નવી એક આફતની દહેશત ઉભી થતાં અફવાઓનું વાતાવરણ ગરમ બન્યું છે. હકીકતમાં કોઈ ભેજાબાજને ટીખળ ખોળીની આ વાત વાયુવેગે પ્રસરતાં સમગ્ર પ્રાંતિજ પંથકમાં ભયનો માહોલ ઉભો થઈ જવા પામ્યો છે.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# મોડાસાના સાંકલેશ્વર મહાદેવ મંદિરે સવા લાખ શિવલીંગ બનાવવાનો અનોખો મહિમા

મોડાસા, તા. ૨

પવિત્ર પુરસોતમ માસમાં વિશેષ પુંજા અર્ચનાનું અનેરૂ મહત્વ છે ભક્તનો આ માસમાં વિધિવત પુંજા કરતા જોવા મળે છે ત્યારે અરવલ્લીના મોડાસા નજીક આવેલા સાકરિયા ગામના સાંકલેશ્વર મહાદેવ મંદિરમાં સવાલાખ શિવલિંગ બનાવી ચિંતામણી -યોગ કરી તેની પુંજા અર્ચના શરુ કરાઈ છે.

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાનું સાકરિયા ગામ વર્ષો પહેલા સાકરીનદીના કાંઠે વસેલું ગામ છે.આ ગામ માં આવેલું સાંકલેશ્વર મહાદેવ નું પુરાતન કાલીન મંદિર અનેરૂ મહત્વ ધરાવે છે. આ મંદિર ભગવાન ભોળાનાથ ની પુંજા વાર તહેવાર હોય ત્યારે પૂર્ણ સ સ્રોકત વિધિ થી કરવામાં આવે છે.ત્યારે હાલમાં ચાલી રહેલા અધિક માસમાં આ મંદિરે રાજસ્થાનથી આવેલા વિશેષ પુંજારીઓ દ્વારા સવાલાખ શિવલિંગ ચીકણી કાળી માટીમાંથી અધિકમાસ માં બનાવવામાં આવનાર છે ત્યારે રોજના ૪૫૦ શિવલિંગ બનાવી તેની સ સ્રોકત વિધિથી પુંજા અર્ચના કરી વિશેષ પુંજા કરાઈ રહી છે. ત્યારે રોજબરોજ સાકરિયા તેમજ આસપાસ ના ગામોના ભકતો દર્શનાર્થે આવી રહ્યા છે.

- સાકરિયા ગામનું સાંકલેશ્વર મહાદેવ મંદિર માં બિરાજમાન ભગવાન ભોલાનાથ સાચા દિલથી કરેલી -ાથના નો સ્વીકાર કરી મનોકામના પૂર્ણ કરતા હોવાનું શ્રદ્ધાળુઓ જણાવી રહ્યા છે ત્યારે ભોલાનાથ ની ચાલુ અધિકમાસમાં પુંજા વિશેષ મહત્વ ધરાવતી હોય છે ત્યારે ચિંતામણી -યોગ ધ્વારા સવાલાખ શિવલિંગ દર્શન ભક્તજનો માટે વિશેષ મહત્વ ધરાવે છે.

સાંકલેશ્વર મહાદેવ મંદિરે અધિકમાસ માં સવાલાખ શિવલિંગ બનાવી તેની વિશેષ પુંજા અર્ચના કરવામાં આવે છે ત્યારે મોટી સંખ્યામાં ભક્તોનો ભોલાનાથ દર્શને આવી ધન્યતા અનુભવે છે.


(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

# પાલનપુર પાલિકાના સી.ઓ. કોન્ટ્રાકટરના ઘરમાં ભાડે રહેતા હોઈ છાવરતા હોવાની આશંકા

## સી.સી.ટી.વી-વેબસાઈટના તપાસ અહેવાલમાં કોન્ટ્રાકટરને છાવરવા પાછળનું રહસ્ય અકબંધ

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં થયેલી ગેરરીતીઓ સામે વિપક્ષ કોગ્રેંસના ભેદી મૌન વચ્ચે સત્તાધારી પક્ષના ઉપપ્રમુખે બાંયો ચડાવી છે. ત્યારે વેબસાઈટ-સી.સી.ટી.વી કેમેરા પ્રકરણના તપાસ અહેવાલમાં કોન્ટ્રાકટરને છાવરવા પાછળ પાલિકાના સી.ઓ. તેમના ઘરમાં ભાડે રહેતા હોવાની ચર્ચાએ વેગ પકડયો છે. અહેસાન તળે દબાયેલા તપાશનીશ અધિકારીને નડેલી આંખની શરમથી પાલિકાના આર્થિક હીતોને ચુનો ચોપડાઈ રહ્યો હોવાની વાતો વહેતી થઈ છે. જીલ્લા કલેકટર તટસ્થ તપાસ કરાવી સત્યસભર અહેવાલ રજુ કરાવે તેવી માંગણી જોર પકડી રહી છે.

પાલનપુર નગરપાલિકા ધ્વારા આચરાયેલી ગેરરીતીઓ સંદર્ભે પાલિકાના ઉપપ્રમુખ ધ્વારા નગરપાલિકા નિયામક સમક્ષ ન્યાયની ગુહાર લગાવવામાં આવી હતી. જેમાં પાલિકા ધ્વારા ખરીદ કરાયેલા સી.સી.ટી.વી કેમરા અને વેબસાઈટ ના કામમાં પણ ભારે ખાયકી થઈ હોવાની રજુઆત કરાઈ હતી. જેની તપાસ ખુદ પાલિકાના ચીફ ઓફિસર એસ.કે.ગરવાલને સોંપી તેનો તપાસ અહેવાલ રજુ કરવાની જવાબદારી સોંપાઈ હતી. ત્યારે ખુદ તપાસનીશ અધિકારી ગરવાલ પોતે કોન્ટ્રાકટરના બંગ્લામાં ભાડે રહેતા હોઈ તેઓએ કોન્ટ્રાકટરને છાવરતા આ કેસમાં કોઈ ગેરરીતી થઈ ન હોવાનો તપાસ અહેવાલ રજુ કરી અરજી દફતરે કરવાનો રીપોર્ટ કરતા ચકચાર મચી જવા પામી હતી. જયારે ખુદ નાયબ કલેકટર અને પ્રાંત કચેરીએ આ કેસમાં અનિયમિતતા દાખવાઈ હોવાનો એકરાર કરતો રીપોર્ટ કરતા પાલિકાના સી.ઓ.એ કરેલો લુલો બચાવ ખુલ્લો પડી ગયો હતો. જોકે, પાલિકાના સી.ઓ. એસ.કે.ગરવાલ બનાસકાંઠામાં ફરજ બજાવી ચુકેલા નિવૃત ડી.પી.ઈ.ઓ કે.ડી.ડામોરના પુત્ર રવિ.કે.ડામોરના આબુ હાઈવે સ્થિત આવેલા મેઘા બંગ્લોઝના મકાન નં.૧૯માં રહેતા હોવાનું બહાર આવ્યું છે. જેથી તેઓએ પોતાના મકાન માલિક એવા પાલિકાના આર્થિક હીતોને ચુનો ચોપડનારા કોન્ટ્રાકટરને છાવરવાનો પ્રયાસ કર્યો હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. ત્યારે ભાડુઆતના નાતે કે જાતિભાઈના નાતે કે પછી અગમ્ય કારણોસર આ કેસમાં સી.ઓ. ગરવાલે ભજવેલી શંકાસ્પદ ભુમિકાની તપાસ કરી તટસ્થ અને ન્યાયિક અહેવાલ રજુ કરી કસુરવારોને નશ્યત કરી પાલિકાના હીતોની જાળવણી કરાય તે માટે ઉચ્ચકક્ષાએ રજુઆત કરાઈ હોવાના અહેવાલ સાંપડયા છે. જેને લઈને પાલિકા વર્તુળોમાં ચકચાર મચી જવા પામી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ભિલોડામાં રેતી ભરેલી ત્રણ ઓવરલોડ ટ્રક ઝડપાઈ

ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા-ઈડર-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ ભિલોડા પાસે રેતી ભરેલી ઓવર લોડ ત્રણ ટ્રકો અરવલ્લી જીલ્લા ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓની રાહબરી હેઠળ ઝડપાઈ છે.ભિલોડામાં રેતી-કપચીનો બે-નંબરનો ધીકતો ધંધો કરતા વેપારીઓ,ટ્રક ચાલકો અને ટ્રક માલીકોમાં ભારે ફફડાટ ફેલાયો હોવાનું લોકમુખે ચર્ચાય છે.

અરવલ્લી જીલ્લા ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓને બાતમી મળતાં ભિલોડા પાસે વોચ ગોઠવતાં ઓવરલોડ રેતી ભરેલી ત્રણ ટ્રકો ઝડપી લીધી હતી.ઓવરલોડ ટ્રકો અને રેતી સીઝ કર્યા બાદ ભિલોડા મામલતદાર કચેરી કંપાઉન્ડમાં ટ્રકો મુંકવામાં આવી હતી.ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ ધ્વારા દંડનીય કાર્યવાહી કરી ટ્રક માલીકોને દંડ ફટકારાયો હતો ત્યારે રેતી-કપચીનો બે નંબરનો ધીકતો ધંધો કરતા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો હતો.અરવલ્લી જીલ્લા ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ ધ્વારા સત્વરે લાલ આંખ કરી વધુ ન્યાયિક તપાસ કરવામાં આવે તો ઓવરલોડ રેતી-કપચી ભરી દોડતા ટ્રક ચાલકો વધુમાં વધુમાં ઓવરલોડ રેતી-કપચી ભરી પુરપાટ ઝડપે હંકારતા રેતી-કપચીના સપ્લાયરો ઝડપાઈ શકે તેમ હોવાનું લોકમુખે ચર્ચાય છે.અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ ધ્વારા દરોડો પાડવામાં આવતા ઓવર લોડ રેતી ભરેલી ત્રણ ટ્રકો ઝડપી દંડ ફટકારવામાં આવતા ત્યારે રેતી-કપચીનો બે નંબરનો ધીકતો ધંધો કરતા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડા પાસેથી રેતી ભરેલી ઓવરલોડ ટ્રકોના નંબરો નીચે મુજબ છે. (૧) જી.જે.૦૯. એ.વી. ૪૫૦૫ (૨) જી.જે.૦૯. એ.વી. ૧૪૧૯ (૩) જી.જે.૫. એ.વી. ૮૧૪ છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામના નારાયણભાઈ પંચાલ,કોન્ટ્રાક્ટરએ જણાવ્યું હતું કે રેતીનો ધંધો કરતા અમુક બે નંબરીયા વેપારીઓ ધ્વારા ૧ પાસ પરમીટ ઉપર રોજની અંદાજીત ત્રણ-ત્રણ વાર ટ્રકોમાં રેતી ભરાય છે પરંતુ રેતી- કપચીના મોટા-મોટા મલાઈદાર હપ્તા આપતા હોવાના કારણે મોટા સપ્લાયરો ટ્રકો ભાગ્યે જ ઝડપાય છે જ્યારે ગરીબ અને મધ્યમ વર્ગના નાના પાયે રેતી-કપચીનો ધંધા કરતા વેપારીઓ પાસેથી અધિકારીઓ દંડ વસુલ કરતા હોવાનું આધારભુત સુત્રો ધ્વારા લોકમુખે જાણવા મળેલ છે.


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

# પ્રાંતિજમાં એસ.ટી. ડેપોના આઠ કર્મચારીઓ નિવૃત્ત

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એસ.ટી. ડેપોમાં બસ ડ્રાઈવરો અને કંડક્ટરો વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં તા. ૩૦-૬-૨૦૧૫ના રોજ કાર્યાલય પ્રાંતિજ ખાતે ભવ્ય નિવૃત્તિ સત્કાર સમારંભ કાર્યક્રમ ડેપો મેનેજર કે.એસ. ઠાકોરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે દલપુર જોગણી માતા મંદિરના વયોવૃદ્ધ મહંત ચંદ્રમાગીરી મહારાજે ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા.

પ્રાંતિજ એસ.ટી. ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા મોહનલાલ લીંબાચીયા સહિતના સાત ડ્રાઈવરો અને ત્રણ કંડક્ટરો વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં ડેપો સ્ટાફ દ્વારા ભવ્ય સત્કાર કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ડ્રાઈવરો-કંડ્કટરોની ફરજનિષ્ઠા વફાદારી નિયમિતતાની ભરપેટ પ્રસંશા કરવામાં આવી હતી અને નિવૃત્ત પછીનું જીવન પરિવાર સહ ભક્તિમય બને એ પ્રમાણેના શુભાશિષો આપવામાં આવ્યા હતા.

પૂ. મહંત ચંન્દ્રમાગીરી મહારાજે શાસ્ત્રો અને ભક્તિનાં માહત્મ્ય સમજાવી દરેકનું જીવન સુગંધીમય નિરોગી રહે તે માટેના શુભાશિષ આપ્યા હતા સ્ટાફ દ્વારા તમામનું સન્માન તથા મોમેન્ટો અર્પણ કરવામાં આવી હતી

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦